# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 3-11-2024 Evening : 7.50 to 8.00

Day : Sunday National News

આકાશવાણી સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

*****************************************************

1) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ઝારખંડ઼ વિધાનસભા ચૂંટણી ઢંઢેરો જાહેર કરતા રાજ્યમાં સમાન નાગરિક સંહિતા લાગુ કરવા વચન આપ્યું
2) વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકરે જણાવ્યું કે ભારત-ઑસ્ટ્રેલિયા વચ્ચેના સંબંધો મજબૂત બને એ માટે ભારતે વિશેષ રૂપરેખા તૈયાર કરી છે
3) ભારતમાં ટીબીના કેસોમાં 17.7 ટકાનો ઘટાડો, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું - સરકાર ટીબી મુક્ત ભારત બનાવવા પ્રતિબદ્ધ
4) રેલવે દ્વારા ઉત્તર ભારતમાં પ્રચલિત છઠ પૂજા માટે 145થી વધુ ટ્રેનો શરૂ કરાઈ
5) અને ઉત્તરાખંડમાં આવેલ વિશ્વ પ્રસિદ્ધ જ્યોર્તિલિંગ શ્રી કેદારનાથ અને યમનોત્રી ધામના કપાટ બંધ કરાયા

. *******************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# AMIT SHAH

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને ગૃહમંત્રી અમિત શાહે આજે ઝારખંડના રાચીમાં વિધાનસભા ચૂંટણી માટે પક્ષનો ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો. આ પ્રસંગે સંબોધન કરતા શ્રી શાહે જણાવ્યું કે રાજ્યમાં જો ભાજપની સરકાર બને છે તો સમાન નાગરિક સંહિતા લાગુ કરાશે.

BYTE – AMIT SHAH

શ્રી શાહે કહ્યું કે રાજ્યમાં પ્રત્યેક મહિલાને ગોગો-દીદી યોજના અંતર્ગત પ્રતિ માસ એકવીસ્સો રૂપિયા આપવામાં આવશે. તમામ પરિવારોને પાંચસો રૂપિયામાં એલપીજી સિલિન્ડર આપાવમાં આવશે અને દીવાળી તેમજ રક્ષાબંધન પ્રસંગે બે સિલિન્ડર નિશુલ્ક અપાશે. વધુમાં બેરોજગાર સ્નાતક અને અનુસ્નાતક યુવાનોને બે વર્ષ સુધી પ્રતિ માસ બે હજાર રૂપિયા આપવામાં આવશે. શ્રી શાહે જણાવ્યું કે પાંચ વર્ષોમાં પાંચ લાખ જેટલી રોજગારની તકો ઉભી કરાશે. સરકારી નોકરીઓ ખાલી પડશે તો 2 લાખ, 87 હજાર જેટલા પદો પર સમયબદ્ધ રીતે ભરતી કરાશે.

(ઓડિયો અમિત શાહ કેન્દ્રિય ગૃહમંત્રી)

# JAISHANKAR AUSTRALIA

વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકરે જણાવ્યું છે કે ભારતે એક એવી રૂપરેખા તૈયાર કરી છે, જેનાથી આવનારા સમયમાં ઑસ્ટ્રેલિયા સાથેના સંબંધો વધુ મજબૂત બનશે. ઑસ્ટ્રેલિયાના બ્રિસ્બેનમાં ભારતીય સમુદાયને સંબોધન કરતા શ્રી જયશંકરે જણાવ્યું કે ભારત ઉચ્ચ વિકાસ પર અગ્રેસર છે અને દુનિયાની સાથે આગળ વધવા માગે છે. તેમણે ઉમેર્યું કે ભારત વિશ્વના ગણતરીના દેશો સાથે વ્યાપક રાજદ્વારી ભાગીદારી ધરાવે છે, ઑસ્ટ્રેલિયા તેમાંથી એક છે.

તેમણે જણાવ્યું કે શિક્ષા અને સંશોધન ક્ષેત્રે વૈશ્વિક સહકારની અનેક તક રહેલી છે. ઓસ્ટ્રેલિયા પહોંચેલા વિદેશ મંત્રી બ્રિસ્બેનમાં ભારતના ચોથા દૂતાવાસનું ઉદ્ઘાટન કરશે. તેઓ કૈનબરામાં ઓસ્ટ્રેલિયાના વિદેશમંત્રી પેની વોંગ સાથે 15માં વિદેશ મંત્રી ફ્રેમવર્ક ડાયલોગ-FMFDની સહ-અધ્યક્ષતા કરશે. તેઓ ઓસ્ટ્રેલિયાના સંસદ ભવનમાં આયોજીત થનારા બીજા રાયસીના ડાઉન અંડરના ઉદઘાટન સત્રને સંબોધન પણ કરશે.

# MID BREAK- NEWS-REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડર સ્કોર** ABAD ને ફોલો કરી શકો છો.

**.........................................................................**

# PM TB

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ટીબીના કેસોમાં આવલો ઘટાડો એ દેશના સમર્પિત અને અભિનવ પ્રયત્નોનું પરિણામ છે. ટીબી નિવારણમાં દેશની પ્રગતિના વખાણ કરતા તેમણે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું છે કે, સામૂહિક ભાવનાના માધ્યમથી સરકાર ટીબી મુક્ત ભારતની દિશામાં કામ કરતી રહેશે. તેમણે ઉમેર્યું છે કે સરકાર ટીબી મુક્ત ભારત બનાવવાની પ્રતિબદ્ધતામાં દૃઢ છે. વિશ્વ આરોગ્ય સંગઠનના તાજા અહેવાલ અનુસાર ભારતમાં વર્ષ 2015થી 2023 સુધી ટીબીના કેસોમાં 17.7 ટકાનો ઘટાડો નોંધાયો છે. આ દર વૈશ્વિક ઘટાડાના 8.3 ટકાના દર કરતા બમણો છે.

ગઈકાલે સોશિયલ મીડિયા પોસ્ટમાં માહિતી આપતા આરોગ્ય મંત્રી જે.પી. નડ્ડાએ ભારપૂર્વક કહ્યું કે ટીબીના કેસોમાં ઘટાડો એ નિવારણ અને નિયંત્રણની દિશામાં દેશના પરિવર્તનશીલ દૃષ્ટિકોણને દર્શાવે છે. તેમણે ઉલ્લેખ કર્યો છે કે સરકારે ટીબીના દર્દીઓને જરૂરી પોષણ સહાય આપવા માટે નિ-ક્ષય પોષણ યોજના જેવી પહેલ દ્વારા ટીબી ઉન્મૂલન કાર્યક્રમનો વિસ્તાર અને સુદૃઢીકરણ કર્યું છે.

# FOREIGN INVESTMENT

ઑક્ટોબર માસમાં વિદેશી રોકાણકારોએ ભારતીય મૂડી બજારમાં 94 હજાર કરોડ રૂપિયાથી વધુની રકમ ઉપાડી લીધી છે. નિષ્ણાતોના મતે આ પાછળ ઘરેલુ બજારના વધુ મૂલ્ય સાથે ચીનના બજારોનું મજબૂત પ્રદર્શન કારણભૂત હોવાનું મનાઈ રહ્યું છે.

આ વર્ષે સપ્ટેમ્બર માસમાં વિદેશી રોકાણકારોએ ભારતીય મૂડી બજારમાં 57 હજાર, 700 કરોડ રૂપિયાથી વધુનું રોકાણ કર્યું હતું, જે અગાઉના વર્ષની સરખામણીએ સૌથી વધુ હતું. તાજેતરના આકંડાઓ દર્શાવે છે કે વર્ષ 2024ના જાન્યુઆરી, એપ્રિલ, મે અને ઑક્ટોબરને બાદ કરતા અત્યાર સુધીમાં પ્રત્યેક મહિને વિદેશી રોકાણકારોએ ભારતીય મૂડી બજારમાં રોકાણનું વલણ જાળવી રાખ્યું છે.

નિષ્ણાતોનું માનવું છે કે ભવિષ્યમાં વૈશ્વિક રાજકીય પરિબળો, વ્યાજ દર, ચીનની અર્થવ્યવસ્થામાં મજબૂતી તેમજ અમેરિકાના રાષ્ટ્રપતિની ચૂંટણીના પરિણામો ભારતીય મૂડી બજારમાં વિદેશી રોકાણ પર અસર કરી શકે છે.

# COP 16

જૈવ વૈવિધ્ય સમજૂતિમાં સામેલ થનારા વિવિધ દેશોની 16મી બેઠક – કોપ -16નું કોલંબિયાના કેલીમાં સમાપન થયું. આ સંમેલનમાં જૈવ વિવિધતાને જાળવી રાખવાની દિશામાં આફ્રિકી સમુદાયોની અનિવાર્ય ભૂમિકાને સ્વીકારવામાં આવી. સંમેલનના અધ્યક્ષ સુસાના મુહમ્મદ અને કોલંબિયાના વિદેશ મંત્રી લઈ ગિલ્બર્ટો મુરિલોએ આ નિર્ણયને આવકાર્યો હતો.

'પ્રકૃતિ સાથે શાંતિ' વિષય વસ્તુ આધારિત કોપ 16ને મહત્વના પરિણામ હાંસલ કર્યા છે. જેમાં આંતરરાષ્ટ્રીય સમુદ્રી વિસ્તારોમાં પરિસ્થિતકી રીતે મહત્વના દરિયાઈ વિસ્તારોને ઓળખવા, તેમનું સંરક્ષણ કરવા માટેની વૈશ્વિક સમજૂતિ તેમજ આનુવંશિક ક્રમમાંથી મેળવેલા સંસાધનો માટે વૈશ્વિક ભંડોળની રચનાનો સમાવેશ થાય છે. વર્ષ 2026 પહેલા સુધી કોલંબિયા આ સંમેલનનું અધ્યક્ષ રહેશે, વર્ષ 2026માં આર્મેનિયા કોપ સંમેલનની અધ્યક્ષતા કરશે.

# REV. PADDY-PROCUREMENT

સરકારે કહ્યું છે કે અનાજ બજારોમાં 90 લાખ ટનથી વધુ ડાંગરની આવક થઈ છે, જેમાંથી 85 લાખ ટનથી વધુ ડાંગરની ખરીદી એકલા પંજાબમાં સરકારી સંસ્થાઓ તેમજ ભારતીય ખાદ્ય નિગમ દ્વારા કરવામાં આવી છે. ઉપભોક્તા બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયે જણાવ્યું છે કે કેન્દ્ર સરકારે નક્કી કરેલા 'A' કેટેગરીના ડાંગરને 2350 રૂપિયા પ્રતિ ક્વિન્ટલના લઘુત્તમ ટેકાના ભાવે ખરીદવામાં આવી રહ્યું છે.

ચાલુ ખરીફ બજાર સત્રમાં અત્યાર સુધીમાં સરકારે કુલ 19 હજાર, 800 કરોડ રૂપિયાના ડાંગરની ખરીદી કરી છે, જેનાથી 4 લાખથી વધુ ખેડૂતોને લાભ થયો છે. ચાલુ ખરીફ પાક સત્ર 2024-25 માટે પહેલી ઑક્ટોબરથી પંજાબમાં ડાંગરની ખરીદી શરૂ થઈ હતી. આ માટે સમગ્ર રાજ્યમાં બે હજાર 927 મંડળીઓ તેમજ અસ્થાયી યાર્ડ ચાલુ છે. કેન્દ્ર સરકારે આ બજાર સત્રમાં ડાંગરની ખરીદી માટે એકસો 85 લાખ ટનનો લક્ષ્યાંક મૂક્યો છે, જે 30 નવેમ્બર સુધી ચાલશે.

# NEW TRAIN FOR FESTIVALS

ભારતીય રેલવે તહેવારોને જોતા પ્રવાસીઓની સુવિધાઓ માટે આજે દિલ્હીથી દેશના વિવિધ ભાગો માટે લગભગ વીસ નવી ટ્રેનો ચલાવી રહ્યું છે. જેમાં દરભંગા, બરૌની, પટણા, કટરા, મુઝફ્ફરપુર, બલિયા, કામખ્યા અને આઝમગઢ માટે વિશેષ ટ્રેન શરૂ કરાઈ છે.

આ ઉપરાંત ઉત્તર ભારતમાં પ્રચલિત છઠ પૂજા માટે બેથી આઠ તારીખ સુધીમાં 145થી વધુ ટ્રેન ચલાવવામાં આવી રહી છે. જે દ્વારા પ્રતિદિવસ અંદાજે બે લાખ વધારાના મુસાફરો માટે મુસાફરી સુલભ બનાવાઈ રહી છે. પહેલી ઓક્ટોબરથી ત્રીસ નવેમ્બર વચ્ચે અંદાજે સાત હજાર જેટલી વિશેષ ટ્રેનની વ્યવસ્થા કરાઈ છે. આ દરમિયાન એક કરોડથી પણ વધારે મુસાફરોને તેનો લાભ થશે.

# KERALA ASHWINI VAISHNAV

કેન્દ્રીય રેલવેમંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું છે કે કેન્દ્ર સરકાર અંગમાલીથી એરુમેલી સુધી સબરી રેલવે લાઇનના નિર્માણ માટે પ્રતિબદ્ધ છે. શ્રી વૈષ્ણવ કેરળના ત્રિશૂર રેલવે સ્ટેશન પર એક સમારોહમાં સંબોધન કરી રહ્યા હતા. તેમણે કહ્યું કે કેન્દ્ર સરકાર આગામી ટૂંક સમયમાં આ યોજના સંદર્ભે કેરળ સરકારને એક ડ્રાફ્ટ મોકલશે.

કેરળ સરકાર દ્વારા પ્રસ્તાવિત હાઇ-સ્પીડ કે-રેલ યોજનાનો ઉલ્લેખ કરતા શ્રી વૈષ્ણવે જણાવ્યું કે જો પરિયોજના સાથે જેડાયેલા તમામ પર્યાવરણીય મુદ્દાઓનો ઉકેલ આવી જશે તો આ યોજના ટૂંક સમયમાં શરૂ કરી શકાશે. તેમણે ઉમેર્યું કે રેલવેનો વિકાસ રાજકારણથી ઉપર હોવો જોઈએ, અને લોકોના સમગ્ર વિકાસ પર ધ્યાન કેન્દ્રીત હોવું જોઈએ.

# .JAMMU KASHMIR BLAST

જમ્મૂ કાશ્મીરમાં આજે બપોરે આકશવાણી શ્રીનગરની ઑફિસ બહાર થયેલા ગ્રેનેડ વિસ્ફોટમાં છ નાગરિકોને ઇજા થવા પામી છે. રવિવાર બજારમાં આ વિસ્ફોટ થયો હતો.

અહેવાલ અનુસાર શંકાસ્પદ આતંકવાદીઓએ ટીઆરસી કૉસિંગ પર સુરક્ષા દળોના વાહન પર ગ્રેનેડ ફેંક્યો હતો, જે લક્ષ્ય ચૂકી જતા રસ્તા પર વિસ્ફોટ થયો હતો. રવિવારે મોટી સંખ્યામાં લોકો શિયાળાની ખરીદી કરવા માટે બજારમાં એકઠા થાય છે, જેને કારણે બજારમાં ભીડ રહે છે. દરમિયાન પોલીસે આ વિસ્તારની ઘેરાબંધી કરીને હુમલાખોરોને પકડવા માટે તપાસ શરૂ કરી હતી.

# TERRORISTARREST

કાશ્મીર ઘાટીમાં પોલીસ અને સુરક્ષા દળોએ સાથે મળીને પુલવામા જિલ્લામાં પ્રતિબંધિત આતંકી સંગઠન હિજબુલ મુજાહિદ્દીનના આતંકીઓને મદદ કનાર એક વ્યક્તિની ધરપકડ કરી છે. રાષ્ટ્રીય રાઇફલ્સ અને CRPFની એક સંયુક્ત ટીમે આતંકવાદીના મદદનીશને પુલવામાના ડેંજરપોરાથી ઝડપી પાડ્યો હતો. તપાસ દરમિયાન એક દુકાનમાંથી સુરક્ષાદળોને હથિયાર અને દારૂગોળો મળી આવ્યો છે.

# UTTARAKHAND KAPAT

ઉત્તરાખંડમાં આવેલ વિશ્વ પ્રસિદ્ધ જ્યોર્તિલિંગ શ્રી કેદારનાથ ધામ અને યમનોત્રી ધામના કપાટ આજથી બંધ કરાયા છે. આજે ભાઈબીજના પવિત્ર પર્વ નિમિત્તે વૈદિક મંત્રોચ્ચાર સાથે શાસ્ત્રોક્ત વિધિ અનુસાર મંદિરના કપાટ બંધ કરાયા. આ પ્રસંગે કેદારનાથ મંદિરમાં 15 હજારથી વધુ શ્રદ્ધાળુઓ હાજર રહ્યા હતા.

આ વર્ષે અંદાજે 16 લાખથી વધુ શ્રદ્ધાળુઓએ કેદરનાથ ધામ યાત્રા કરી. કપાટ બંદ કરાયા એ પ્રસંગે અંદાજે 10 ક્વિન્ટલ ફૂલોથી મંદિરની સજાવટ કરવામાં આવી હતી. કપાટ બંધ થવાની સાથે જ બાબા કેદારનાથની પંચમુખી ઉત્સવ પાલખી હજારો શ્રદ્ધાળુઓની હાજરીમાં શીતકાલિન ગાદી સ્થળ ઓંકારેશ્વર મંદિર ઉખીમઠ માટે રવાના થઈ.

પંચમુખી પાલખી રાત્રી પ્રવાસ માટે આજે રામપુરમાં પડાવ કરશે. આવતીકાલે તે વિશ્વનાથ મંદિર ગુપ્તકાશી અને મંગળવારે ઓંકારેશ્વર મંદિર ઉખીમઠ પહોંચશે. શિયાળાની ઋતુમાં બાબા કેદારની પૂજા ઓંકારેશ્વર મંદિરમાં કરવામાં આવે છે.

# GAZA ATTACK

ઇઝરાયેલે મધ્ય ગાઝામાં શરણાર્થી શિબિર પર હુમલો કરતા અંદાજે 42 પેલેસ્ટિનિયનના મોત થયા છે, જ્યારે 150થી વધુ લોકોને ગંભીર રીતે ઇજા થવા પામી છે. પેલેસ્ટેનિયન સુરક્ષા સૂત્રોના જણાવ્યા પ્રમાણે ઇઝરાયેલની સેના શુક્રવારથી સતત આ વિસ્તારમાં વિમાન અને તોપ હુમલા કરી રહી છે. ગાઝા સરકારે હુમલાની નિંદા કરી છે અને કહ્યું છે કે બાળકો તેમજ મહિલાઓ સહિત નાગરિકોને ઇરાદાપૂર્વક નિશાન બનાવવામાં આવી રહ્યા છે.

ગાઝાની સરકારે આંતરરાષ્ટ્રીય સમુદાયને ગાઝાના નાગરિકો વિરુદ્ધ કરાઈ રહેલા હુમલાને રોકવા માટે ઇઝરાયેલ પર દબાણ કરવાની અપીલ કરી છે. આ તરફ ઇઝરાયેલના સૈન્યએ એક નિવેદનમાં જણાવ્યું છે કે તેમની તરફથી રફા અને મધ્ય ગાઝા પર આતંકવાદીઓ અને તેમના ઠેકાણોઓને નષ્ટ કરવા માટે આ કાર્યવાહી કરાઈ હતી.

# CRICKET INDIA

ન્યૂઝીલેન્ડે ભારત સામેની ત્રણ ટેસ્ટ મેચની શ્રેણી 3-0થી જીતી લીધી છે. મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાયેલી ત્રીજી અને અંતિમ ટેસ્ટમાં ન્યૂઝીલેન્ડે ભારતને 25 રનથી હરાવ્યું. જીત માટે 147 રનના જવાબમાં ભારતીય ટીમ 121 રનમાં ઑલઆઉટ થઈ હતી. ઋષભ પંતે સૌથી વધુ 64 રન બનાવ્યા. વૉશિંગ્ટન સુંદરે 12 અને કેપ્ટન રોહિત શર્મા 11 રન બનાવી આઉટ થયા હતા. ન્યૂઝીલેન્ડ માટે એજાઝ પટેલે છ વિકેટ લીધી હતી, એજાઝે આ મેચમાં 11 વિકેટ ઝડપી હતી. એજાઝને પ્લેયર ઑફ ધી મેચ જાહેર કરાયા.

આ પૂર્વે ન્યૂઝીલેન્ડની ટીમે બીજા દાવમાં ગઈકાલે 9 વિકેટ ગુમાવીને 171 રનથી આગળ રમવાનું શરૂ કર્યું હતું, અને 174 પર રન આઉટ થઈ ગઈ હતી. ભારત માટે રવિન્દ્ર જાડેજા એ પાંચ અને રવિચંદ્રન અશ્વિને ત્રણ વિકેટ ઝડપી હતી. આકાશદીપ અને વૉશિંગ્ટન સુન્દરે એક-એક વિકેટ ઝડપી. ન્યૂઝીલેન્ડ તરફથી વિલ યંગે સૌથી વધુ 244 રન બનાવ્યા હતા. તેમને પ્લેયર ઑફ ધી સિરિઝનોનો ખિતાબ અપાયો હતો. ન્યૂઝીલેન્ડે પહેલા દાવમાં 235 રન અને બીજા દાવમાં 174 રન બનાવ્યા હતા. ભારતે પહેલા દાવમાં 263 રન બનાવ્યા. ન્યૂઝીલેન્ડે બેંગલુરુમાં રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચમાં ભારતને 8 વિકેટથી અને પુણેમાં રમાયેલી બીજી મેચમાં 113 રનથી હરાવ્યું હતું.